



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૯૨ | ૧૨ જુન, ૨૦૨૧, શનિવાર; જયેષ્ઠ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# બંગાળના દિગ્ગજ નેતા મુકુલ રોયની ઘરવાપસી

## ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ટીએમસીમાં જોડાઈ ગયા : મુકુલ રોયે ટીએમસી સાથે ૨૦૧૭માં છેડો ફાડ્યો એ પછી તેમણે ટીએમસીના ઘણા નેતાઓને ભાજપમાં સામેલ કરાવ્યા : ઘર વાપસીના કારણ પર ફોડ ન પાડ્યો



કોલકાતા, તા. ૧૧

મુકુલ રોયે ભારતીય જનતા પાર્ટી છોડી દીધી છે અને ફરી એક વખત તૃણમૂલ કૌંગ્રેસમાં જોડાયા છે. શુક્રવારે બપોરે પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીએ પત્રકાર પરિષદ યોજીને આ અંગેની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે મુકુલ રોય અમારો પુત્ર છે, ત્યારે મુકુલ રોયે કહ્યું, હું ખુશ છું કે હું જૂની પાર્ટીમાં પાછો આવ્યો છું. બંગાળ તેની સ્થિતિ પર પાછું ફરવા માગે છે, અને અમે તેનું નેતૃત્વ કરીશું. આ દરમિયાન રોયે ભાજપ પર નિશાન સાધતા કહ્યું હતું કે, બંગાળમાં જે સ્થિતિ છે એઅ જોતાં ભાજપમાં કોઈ રહેશે નહીં. જોકે, મુકુલ રોયને ૪ વર્ષ પછી ફરીથી ટીએમસીમાં જોડાવાનું કારણ પૂછાયું ત્યારે તેમણે કહ્યું, હું મારા ઘરે પાછા આવવાનું કારણ પછી કહીશ. બુધવારે, ટીએમસીના વરિષ્ઠ નેતા સૌગાતા રોયે સંકેત આપ્યો હતો કે મુકુલ રોય પાર્ટીમાં પાછા ફરશે. તેમણે કહ્યું હતું કે, મુકુલ રોય કદાચ ટીએમસી છોડીને ભાજપમાં ગયા હતા, પરંતુ તેમણે મુખ્યમંત્રી મમતા બેનર્જી વિરુદ્ધ કશું કહ્યું નહીં. જોકે શુક્રવારે રોયને ટીએમસીમાં જોડાવા માટે ઔપચારિક જાહેરાત

● અનુસંધાન પાન-૭ પર

# હવે કોવિશિલ્ડ વેક્સિનનો બીજો ડોઝ ૨૮ દિવસ બાદ લઈ શકાશે

## સરકારે કોવિશીલ્ડ વેક્સિનના બે ડોઝ વચ્ચેનું અંતર ઓછું કર્યું

ન્યુ દિલ્હી,તા.૧૧

કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર મંત્રાલયે એકવાર ફરી કોવિશીલ્ડના પહેલા અને બીજા ડોઝની વચ્ચેનું અંતર ઓછું કરી દીધું છે. બીજા ડોઝની ગેપ ૨ વાર વધારી દેવામાં આવી, પરંતુ આ વખતે આ ગેપ ઘટાડવામાં આવી છે. આ ફક્ત એમના માટે છે જેઓ વિદેશ યાત્રા કરી રહ્યા છે. નવી ગાઈડલાઈન બાદ હવે કેટલીક શ્રેણી માટે ૮૪ દિવસની રાહ જોવાની જરૂરિયાત નથી. હવે ૨૮ દિવસ બાદ પણ કોવિશીલ્ડનો બીજો ડોઝ લગાવવામાં આવી શકે છે. જો કે કોવેક્સિન માટે બે ડોઝની વચ્ચેનું અંતર અત્યારે પણ ૨૮ દિવસ જ છે. તેમાં કોઈ બદલાવ કરવામાં નથી આવ્યો.

કોવિશીલ્ડના બંને ડોઝના ગેપમાં ત્રીજીવાર બદલાવ કરવામાં આવ્યો છે. ૧૬ જાન્યુઆરીથી શરૂ થયેલા વેક્સિનેશનમાં પહેલા ૨૮ દિવસથી ૪૨ દિવસ સુધીનું અંતર હતુ. પછી ૨૨ માર્ચના આ ગેપ વધારીને ૬-૮ અઠવાડિયા કરી દેવામાં આવ્યું. ત્યારબાદ ૧૩ મેના આ અંતર ૧૨-૧૬ અઠવાડિયા કરી દેવામાં આવ્યું. સ્વાસ્થ્ય મંત્રાલયની નવી ગાઈડલાઈન એમના માટે છે જેઓ કોવિશીલ્ડનો પહેલો ડોઝ લગાવી ચુક્યા છે અને વિદેશ યાત્રા પર જવાનું છે.

આ વિદેશ યાત્રા અભ્યાસ, રોજગાર અને ઓલમ્પિક ટીમ માટે થઈ શકે છે. આવા લોકોને કોવિશીલ્ડના બીજા ડોઝ માટે ૮૪ દિવસની રાહ નહીં જોવી પડે. તેઓ આ પહેલા પણ બીજો ડોઝ



લગાવી શકે છે. આ પહેલા પંજાબના સ્વાસ્થ્ય મંત્રી બલબીર સિંહ સિદ્ધુએ મંગળવારના કહ્યું કે, એ લોકોને કોવિશીલ્ડના પહેલા ડોઝના ૨૮ દિવસના અંતરાળ બાદ બીજો ડોઝ આપવામાં આવશે, જેમના માટે વિશેષ કારણોથી વિદેશ જવું જરૂરી છે. સિદ્ધુએ કહ્યું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નિમવામાં આવેલા યોગ્ય અધિકારી ૮૪ દિવસ સુધીના નક્કી કરવામાં આવેલા અંતરથી પહેલા પરવાનગી આપતા પહેલા તપાસ કરશે.

# બિહારના રાજકારણમાં નવાજૂનીના સંકેત

## લાલુ પ્રસાદ યાદવના પુત્રએ જીતનરામ માંઝી સાથે ૩૫ મિનિટ વાત કરી, જોકે મુલાકાતના હેતુનો ફોડ ન પાડ્યો

પટણા, તા. ૧૧

રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) ના વડા લાલુ પ્રસાદના ૭૪ મા જન્મદિવસ પર લાલુના પુત્ર અને ધારાસભ્ય તેજ પ્રતાપ યાદવે હિન્દુસ્તાની અવમ મોરચા (હમ) ના સુપ્રીમો જીતનરામ માંઝી માટે આરજેડીનો દરવાજો ખોલ્યો છે. આરજેડીના ધારાસભ્ય શુક્રવારે માંઝીને તેમના સત્તાવાર નિવાસ સ્થાને મળ્યા. બંને નેતાઓ વચ્ચે લગભગ ૩૫ મિનિટ સુધી વાતચીત ચાલી હતી. બાદમાં, તેજ પ્રતાપે મીડિયાના એક સવાલ પર વાતચીતનો હેતુ જણાવવાની ના પાડી, પરંતુ કહ્યું કે આરજેડીનો દરવાજો માંઝી માટે ખુલ્લો છે. બંનેની મુલાકાતને લઈને બિહારના રાજકીય વર્તુળોમમાં ચર્ચાઓનંધ બજાર ગરમ થઈ ગયું છે. એનડીએમાં હતા ત્યારે માંજિના સતત ભાજપ વિરુદ્ધ આવતા નિવેદનોને ધ્યાનમાં રાખીને આ બેઠકને રાજકારણ માટે એક નવો વળાંક માનવામાં આવી રહી છે. જોકે માંઝી અને તેજ પ્રતાપે આ વાતનો ઈનકાર કર્યો છે.

પત્રકારો સાથે વાત કરતા બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝીએ કહ્યું કે આજે આરજેડી સુપ્રીમો લાલુ યાદવનો જન્મદિવસ છે. ટ્વીટ બાદ મેં તેમને ફોન પર અભિનંદન પણ આપ્યા છે. તેમણે કહ્યું કે તેજ પ્રતાપ સાથેની તેમની બેઠકમાં કોઈ રાજકીય વાતો થઈ નથી. રાજકારણ સિવાયની વસ્તુઓ પણ હોવી જોઈએ. એનડીએમાં રોકાવાના સવાલ પર માંઝીએ કહ્યું કે બહાર જવાનો કોઈ સવાલ નથી.

# ઉત્તર પ્રદેશના રાજકારણમાં ભારે ઉથલપાથલના સંકેતો

## મોદી-યોગીની ૮૦ મિનિટ ચર્ચા : યુપીના મુખ્યમંત્રી યોગી ભાજપ અધ્યક્ષ નડ્ડાને પણ મળ્યા, મોદી સાથેની બેઠક બાદ કોઈ સત્તાવાર નિવેદન નહીં

નવી દિલ્હી, તા. ૧૧

ઉત્તર પ્રદેશમાં ચાલી રહેલા રાજકીય હલચલ વચ્ચે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા. બંને નેતાઓ



વચ્ચેની આ બેઠક ૮૦ મિનિટ એટલે કે લગભગ સવા કલાક સુધી ચાલી હતી. માનવામાં આવે છે કે ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભાની ચૂંટણી અને મંત્રીમંડળના વિસ્તરણને લઈને પીએમ મોદી અને સીએમ યોગી વચ્ચે ચર્ચા થઈ છે.

લગભગ સવા કલાક ચાલેલી વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે યુપીના સીએમ યોગી આદિત્યનાથની મુલાકાત પૂરી થઈ છે. બેઠક પૂરી થયા બાદ બંને નેતાઓની બેઠકનો ફોટો પણ વડા પ્રધાન કાર્યાલય દ્વારા ટ્વીટ કરવામાં આવ્યો હતો. આ બેઠક બાદ યોગીએ ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાને પણ મળવા માટે તેમના ઘરે પહોંચ્યા હતા.

એક તરફ યુપી ભાજપમાં રાજકીય ઉથલપાથલના સમાચાર છે અને બીજી તરફ પીએમ મોદી અને સીએમ યોગીની બેઠક બાદ અટકળો શરૂ થઈ ગઈ છે. પીએમ મોદી અને સીએમ યોગી વચ્ચેની બેઠક લગભગ ૮૦ મિનિટ સુધી ચાલી. સામાન્ય રીતે કોઈ પણ મુખ્યમંત્રીને મળવા માટે વડા પ્રધાન આટલો લાંબો સમય આપતા નથી. આવી સ્થિતિમાં માનવામાં આવી રહ્યું છે કે સીએમ યોગી પહેલા કરતા વધુ મજબૂત બનીને દિલ્હીથી યુપી પાછા ફરશે.

જોકે હજી સુધી પક્ષ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે યુપીમાં કેબિનેટ વિસ્તરણને લઈને પીએમ મોદી અને સીએમ યોગી વચ્ચે ચર્ચા થઈ હોઈ શકે છે. આ સિવાય, એવી અટકળો પણ લગાવવામાં આવી રહી છે કે યુપીમાં વિધાનસભાની ચૂંટણી બહુ દૂર નથી. આવી સ્થિતિમાં આ અંગે પણ બંને વચ્ચે ચર્ચા થઈ હોઈ શકે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે પણ પીએમ મોદીને મળ્યા બાદ આ તસવીર પોતાના ટ્વિટર હેન્ડલ પર શેર કરી છે. તેમણે લખ્યું - 'આજે મને નવી દિલ્હીમાં આદરણીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીની સૌજન્ય મુલાકાત અને માર્ગદર્શન પ્રાપ્ત કરવાનો લહાવો મળ્યો છે.

# મુંબઈમાં જોરદાર વરસાદ, જનજીવન ઠપ

## ચોમાસુ સક્રિય થવા સાથે મુંબઈમાં મેઘરાજાની બેટિંગ : ટ્રેનોને અસર : મુંબઈમાં અંધેરી, માહિમ સહિતના નિચાણવાળા વિસ્તારો, અંડરપાસમાં પાણી, વિભાગની હાઈ ટાઈડની પણ ચેતવણી






મુંબઈ, તા. ૧૧

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં સતત ત્રીજા દિવસે પણ ભારે વરસાદના કારણે જન જીવન ભારે પ્રભાવિત થયુ છે. ચોમાસુ સક્રિય થતાની સાથે જ મુંબઈમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરુ કરી છે. મુંબઈમાં સતત વરસાદના કારણે જન જીવન પર તેની વ્યાપક અસર જોવા મળી રહી છે. મુંબઈની લાઈફ લાઈન ગણાતી લોકલ ટ્રેન સેવા આજે પણ ખોરવાઈ છે. કારણકે ઠેર ઠેર રેલવે ટ્રેક પર પાણી ફરી વળ્યા છે.

શહેરના સંખ્યાબંધ વિસ્તારોમાં પણ પાણી ભરાયા છે. મુંબઈ ચોમાસાના પહેલા જ વરસાદમાં બેહાલ થઈ ચુકયુ છે. મુંબઈના અંધેરી, માહિમ સહિતના નિચાણવાળા વિસ્તારો તેમજ અંડર પાસમાં પાણી ભરાયા છે. લોકોને અવર જવરમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. દરમિયાન હવામાન વિભાગે હાઈ ટાઈડની પણ ચેતવણી આપી છે.

સાથે સાથે હવામાન વિભાગે દેશના બીજા હિસ્સાઓમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગનુ કહેવુ છે કે,તો બંગાળની ખાડીમાં હવાનુ ભારે દબાણ સર્જાયુ છે. જેના પગલે શુક્રવાર અને શનિવારે બંગાળ, ઓરિસ્સા, ઝારખંડ, બિહાર અને મધ્યપ્રદેશ તથા છત્તીસગઢમાં ભારે વરસાદ પડશે. બિહારમાં બે દિવસ વહેલુ ચોમાસુ બેસે તેવી શક્યતા છે.

# ICMR કોરોનાના પ્રસારનો રાષ્ટ્રીય સેરો સર્વેક્ષણ કરશે

## ત્રીજી લહેરના વાવડ વચ્ચે સરકારનું આગોતરૂં આયોજન : ભૌગોલિક ક્ષેત્રોને સુરક્ષિત કરવાના આશયથી રાજ્યોને પણ સેરો સર્વે કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે

નવી દિલ્હી, તા. ૧૧

આઈસીએમઆર હવે દેશમાં કોરોનાના પ્રસારનું મૂલ્યાંકન કરવા માટે સેરો સર્વેક્ષણ શરૂ કરશે. આ મામલે વધુ વિગતો આપતાં એનઆઈટીઆઈ આયોગના હેલ્થ મેમ્બર ડો.વી.કે.પૌલે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કક્ષાએ સેરો સર્વેની તૈયારી કરવામાં આવી છે. આઈસીએમઆર આ મહિનામાં આગામી સેરો સર્વે માટે કામ શરૂ કરશે. પરંતુ જો આપણે આપણા ભૌગોલિક ક્ષેત્રોને સુરક્ષિત કરવા માગતા હોઈએ તો પછી આપણે એકલા રાષ્ટ્રીય સેરો સર્વે પર નિર્ભર ન રહી શકીએ, આપણે રાજ્યોને પણ સેરો સર્વે કરવા માટે પ્રોત્સાહિત કરવા પડશે.

કોરોનાના પ્રસારને વધુ નજીકથી જાણવા માટે સેરો સર્વેક્ષણ માટે રેન્ડમ નમૂના લેવામાં આવે છે. સેરો સર્વેમાં, એક રક્ત જૂથ ધરાવતા લોકોની તપાસ કોરોનાના હોટસ્પોટ વિસ્તારોમાં સીરમ લઈને કરવામાં આવે છે, આ માટે કૌટુંબિક ઈતિહાસની પણ માહિતી મેળવાય છે, પરંતુ આ પહેલા, આરોગ્ય ટીમ લોકોના ઘરોમાં જાય છે અને પ્રથમ લેખિત પરવાનગી લે છે. તેમની પાસેથી, આ સર્વે આઈસીએમઆર અને રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર (એનસીડીસી) અને રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીઓના સહયોગથી હાથ ધરવામાં આવે છે.

કોરોના રોગચાળા અંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કહ્યું કે ૭ મેના રોજ દેશમાં દૈનિક ધોરણે ૪,૧૪૦૦૦ કેસ નોંધાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૯૧,૭૦૨ કેસ નોંધાયા છે. છેલ્લા ૪ દિવસથી દેશમાં ૧ લાખથી ઓછા નવા કેસ નોંધાયા છે. ૩ મેના રોજ દેશમાં કોરોનાનો રિકવરી દર ૮૧.૮ ટકા હતો, જે હવે વધીને ૯૪.૯ ટકા થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં, ૧,૩૪,૫૮૦ કોરોના દર્દીઓ સાજા થયા છે.

# સેન્સેક્સ ૫૨૪૫૦, નિફ્ટી ૧૫,૮૦૦ની ઉપર પહોંચ્યો

## સેન્સેક્સમાં ૧૭૪, નિફ્ટીમાં ૬૨ પોઈન્ટનનો ઉછાળો, ટાટા સ્ટીલ, કોલ ઈન્ડિયા, હિન્દાલ્કોના શેરોમાં ઉછાળો

મુંબઈ, તા. ૧૧

શેરબજાર આજે રેકોર્ડ ઊંચી સપાટીએ બંધ રહ્યો છે. આજે સવારે ઊંચા સ્તરે બજાર ખુલ્યું હતું. બોમ્બે સ્ટોક એક્સચેંજનો મુખ્ય સૂચકાંક સેન્સેક્સ ૧૭૪.૨૯ પોઈન્ટના વધારા સાથે ૫૨૪૭૪.૭૬ પર બંધ રહ્યો છે. બીજી તરફ નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૬૧.૬૦ પોઈન્ટના વધારા સાથે ૧૫૭૯૯.૩૫ ના સ્તર પર બંધ થયો છે. આજે સેન્સેક્સ-નિફ્ટી રેકોર્ડ સ્તરે બંધ થયા છે.

આજના શરૂઆતના કારોબારમાં સેન્સેક્સ ૨૨૮.૦૧ પોઈન્ટ વધીને ૫૨૫૨૮.૪૮ ના સ્તરે હતો. બીજી બાજુ, નિફ્ટી ૭૩.૨૦ પોઈન્ટના વધારા સાથે ૧૫૮૧૧.૦૦ પર ખુલ્યો હતો. સેન્સેક્સ-નિફ્ટીનું આ ઉચ્ચતમ સ્તર છે.

સેબી રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર અને એક્સપર્ટ જીતેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે માર્કેટમાં વધારો થવાનું કારણ વૈશ્વિક બજારની અસર પણ છે. સપ્તાહના અંતિમ દિવસે વૈશ્વિક સંકેતો સકારાત્મક દેખાઈ રહ્યા છે. ગઈકાલે યુએસ બજારો ઉછાળા પર બંધ થયા હતા અને એસ એન્ડ પી ૫૦૦ નવી ટોચ બતાવી હતી. વૈશ્વિક ઈક્વિટી બજારોમાં પણ બજારમાં સકારાત્મક વલણ રહ્યું છે.